# ધોરણ - 6 English

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN601 ટૂંકી પરિચિત વાર્તાઓ સાંભળી અને સહાયક સામગ્રીનો ઉપયોગ કરી વાર્તા કહે છે. | • પરિચિત વાર્તાઓ, સહાયક સામગ્રી, ચિત્રો | • શિક્ષક ચિત્રો, કાર્ડ્સ વગેરે જેવી સહાયક સામગ્રીની મદદથી તથા યોગ્ય આરોહ અવરોહ, હાવભાવનો ઉપયોગ કરી ટૂંકી પરિચિત વાર્તા સંભળાવશે. વિદ્યાર્થીઓએ વાર્તાના થોડા થોડા ભાગને ક્રમશઃ એક પછી એક કહેશે અને સમગ્ર વાર્તા કહેવા પ્રયત્ન કરશે. જરૂર જણાયે શિક્ષક સહાય કરશે. |
| EN602 સાદી સૂચનાઓ સાંભળી, વાંચી અને તેનો પ્રતિભાવ આપે છે. | • વર્ગખંડમાં બોલાતી સૂચનાઓ | • શિક્ષક વિદ્યાર્થીઓને 'stand up', 'sit down', read English textbook', 'clap' વગેરે જેવી સૂચનાઓ આપશે અને તે અનુરૂપ ક્રિયાઓ કરશે, વારંવાર મહાવરો આપશે. ત્યારબાદ માત્ર સૂચનાઓ આપશે અને વિદ્યાર્થીઓ પ્રતિભાવ આપશે. |
| EN603 અર્થપૂર્ણ સંદર્ભમાં આપેલા શબ્દો અને વાકયોનું મુકવાચન કરે છે. | • પરિચ્છેદ સંલગ્ન મુકવાચન, MCQ | • શિક્ષક વિદ્યાર્થીઓને વિવિધ પરિચ્છેદ, સંવાદો, વર્ણનનું મૂક વાંચન કરાવશે.<br>• શિક્ષક 'true', 'false', 'yes/no' પ્રકારનાં પ્રશ્નો પૂછશે તેમજ missing words જેવી પ્રવૃત્તિઓના માધ્યમથી skimming/scanning ની પ્રવૃત્તિ કરાવશે. |
| EN604 વાર્તા/ પરિચ્છેદનું વાંચન કરી અર્થગ્રહણ કરે છે. | • પ્રશ્નો, ખરા-ખોટા, કોણ કહે છે.?<br>• વાક્યપૂર્તિ, Odd one out, recognize the word and write | • શિક્ષક વાર્તા કે પરિચ્છેદના અર્થગ્રહણ માટે મૂક વાંચન કરાવશે, પ્રશ્નો પૂછશે. વાર્તા/પરિચ્છેદના વાંચન વખતે શિક્ષક કેટલાક શબ્દો ઈરાદાપૂર્વકના બોલે અને વિદ્યાર્થીઓ તે શબ્દો જણાવશે અથવા બોલશે. |
| EN605 અર્થપૂર્ણ વાક્યોનું અનુલેખન કરે છે. | • capitalization, punctuation marks | • શિક્ષક વિદ્યાર્થીઓને બોર્ડ પર એક પેરેગ્રાફના માધ્યમથી અનુલેખનનો નમૂનો બતાવશે. પેરેગ્રાફમાં રહેલા વિરામચિહ્નો, capital letters, small letters વગેરે બાબતોનું ધ્યાન દોરશે અને વિદ્યાર્થીઓ તેનું અનુલેખન કરશે. |
| EN606 અર્થપૂર્ણ વાક્યોનું શ્રુતલેખન કરે છે. | • Dictation | • શિક્ષક યોગ્ય આરોહ-અવરોહ, વિરામ અને મધ્યમ ગતિ તેમજ ઊંચા |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | અવાજે ત્રણથી પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવશે. |
| EN607 આપેલી વિગતોમાથી અતાર્કિક શબ્દો તારવી તેને બદલે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે. | • Odd one out<br>• Jumbled sentences<br>• Arrange the sentences in proper sequence and make a story. | • શિક્ષક જુદી જુદી sentence pattern ના ભૂલ વાળા ઉદાહરણો બોર્ડ પર લખશે અને વિદ્યાર્થીઓને સુધારી ફરીથી લખવાનું સુચવશે. |
| EN608 ઘટના તેમજ વાર્તાના પાત્રો, સ્થળો અને ઘટના ક્રમની વિગતોની તારવણી કરે છે. | • વાર્તાની ઘટનાઓને યોગ્ય ક્રમમાં ગોઠવવી. | • શિક્ષક પાઠ્યપુસ્તકની વિષયવસ્તુ પૈકી કોઈ એક ઘટના વર્ણવશે તેમાં જે તે વિધાન કોણ બોલે છે તેવા પ્રશ્નો પૂછશે. બાળકો ઘટનાને યોગ્ય ક્રમમાં ગોઠવી બોલશે. |
| EN609 ચિત્ર અને પરિચ્છેદની વિગતોનું વર્ગીકરણ કરે છે. | • Picture and paragraph based classification. | • શિક્ષક પરિચ્છેદનું વાંચન કરશે અને કરાવશે તથા વર્ગીકરણ કરવા કહેશે. |
| EN610 પરિચિત પરિસ્થિતિમાં પ્રસંગને અનુરૂપ અભિવાદન કરીને અભિવાદનનો પ્રતિભાવ આપે છે. | • અભિવાદન પ્રતિભાવ | • શિક્ષક વિવિધ પરિસ્થિતિ/સમય અનુરૂપ વિદ્યાર્થીઓનું અભિવાદન કરશે અને વિદ્યાર્થીઓ તરફથી પ્રતિભાવો મેળવશે. |
| EN611 વિનંતી કરે છે અને વિનંતીનો પ્રતિભાવ આપે છે. | • please, canનો વિનંતીદર્શક ઉપયોગ | • શિક્ષક અન્ય શિક્ષક કે સિનિયર વિદ્યાર્થી સાથે સંલગ્ન સંવાદનો ઉપયોગ કરી વિવિધ સંદર્ભમાં વિનંતી કરશે અને વિદ્યાર્થીઓને શ્રવણનો મહાવરો પૂરો પાડશે.<br>• વિદ્યાર્થીઓ here it is/ sure/ yes, you can/ No you can't નો ઉપયોગ કરી પ્રતિભાવ આપશે. |
| EN612 ઊલટ પ્રશ્નો (Inversion questions) પૂછી અને તેવા પ્રશ્નોનાં જવાબ આપે છે. | • Am/Is/Are/Shall/Will/Do/Does, was, were થી શરૂ થતાં પ્રશ્નો yes/no વડે ઉત્તર આપે છે. | • શિક્ષક Am/Is/Are/Was/Were/Shall/Will વગેરે પ્રશ્નોનો ઉપયોગ કરી inversion questions પૂછશે અને yes/no માં ઉત્તર મેળવશે.<br>e.g.<br>❖ Is it a chalk stick?<br>❖ Yes, It is / No, it isn't.<br>❖ Were you present yesterday?<br>❖ Yes, I was. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN613 માહિતી મેળવવા Wh (When, Where, When, What, How many) પ્રશ્નો પૂછી અને તેવા પ્રશ્નોનાં જવાબ આપે છે. | • Wh questions<br>• When, where, what, how many વગેરે ... | • શિક્ષક વિદ્યાર્થીઓને What is it? જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓનાં ઉત્તર મેળવશે. ત્યારબાદ તે વસ્તુનાં સ્થાન અંગે ખરાઈ કરીને Where is it? જેવા પ્રશ્નો પૂછી વસ્તુના સ્થાન, સમય, સંખ્યા અંગે પ્રશ્નો પૂછશે અને મહાવરો કરાવશે. |
| EN614 પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે. | • વિવિધ પરિસ્થિતિ સંલગ્ન dialogues | • શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ અંગ્રેજી ભાષાનો ઉપયોગ થતો હોય તેવો એક પાત્રીય અભિનય રજૂ કરશે અને વિદ્યાર્થીઓને સાંકળી નાના સંવાદો/ વાર્તાઓનું નાટ્યીકરણ કરાવશે. |
| EN615 લોનવર્ડ્સ સહિત આશરે 500 જેટલા નવીન શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે. | • લોનવર્ડ્સ<br>• પાઠ્યપુસ્તકના અંતે આપવામાં આવેલ પરિશિષ્ટ | • શિક્ષક વિદ્યાર્થીઓ પાસે તેના પરિચિત ક્ષેત્રમાં રહેલી વસ્તુ, સ્થળ, પદાર્થ, આકાર, શાકભાજી, પશુ-પક્ષી, વૃક્ષ, છોડ, રમતો, વ્યવસાય વગેરેના નામ અંગ્રેજીમાં બોલાવશે અને તેનો વ્યવહારમાં ઉપયોગ કેવી રીતે થાય છે તે જણાવશે. |
| EN616 વસ્તુઓના સ્થાન અને સ્થળોનો નિર્દેશ કરે છે. | • on/in/under/near જેવા નામયોગી અવ્યય | • શિક્ષકે વર્ગખંડમાં રહેલી ચીજવસ્તુઓનો સ્થાન નિર્દેશ કરવો. શિક્ષક બેંચ પર પાઠ્યપુસ્તક રાખી વાક્ય બોલશે.<br>e.g.<br>❖ The text book is on the bench.<br>• આ જ પ્રમાણે under, in, behind, near જેવા સ્થાનદર્શક શબ્દોનો ઉપયોગ કરી વિવિધ પરિસ્થિતિનું નિર્માણ કરશે અને વિદ્યાર્થીઓ પાસે વસ્તુઓનો સ્થાન નિર્દેશ કરાવશે. |
| EN617 વર્તમાન અને ભૂતકાળની ઘટનાઓની વિગતો અલગ તારવે છે. | • routine activities સંલગ્ન charts<br>• વાર્તાઓ | • શિક્ષક 'yesterday' અને 'today' ; 'now' અને 'before' જેવા સમયદર્શક શબ્દોનો ઉપયોગ કરી બોર્ડ પર બે અલગ અલગ ઘટનાઓને સાથે દર્શાવશે. વિદ્યાર્થીઓ આ ઘટનાઓને સમજીને અલગ તારવશે.<br>• શિક્ષક વર્ગખંડમાં ગઈકાલે ગેરહાજર રહેલ અને આજે હાજર રહેલ વિદ્યાર્થીઓ વિશે કહેશે. |
| EN618 પરિચિત ક્ષેત્રમાં બનેલી ક્રિયાનું વર્ણન કરે છે. | • narration/ description | • શિક્ષક તેમણે લીધેલી કોઈ સ્થળની મુલાકાત વિશે કહેશે ત્યારબાદ |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | વિદ્યાર્થીઓ પણ પોતાના મુલાકાતના અનુભવો જણાવશે. |
| EN619 વ્યવસાયકારોનો પરિચય મેળવે છે અને આપે છે. | • વિવિધ વ્યવસાયકરો | • શિક્ષક વિવિધ વ્યવસાયકારો સંલગ્ન વસ્તુ/ ચિત્રો બતાવશે અને તેનો પરિચય આપશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને clues આપશે અને તે વ્યવસાયકારનો પરિચય આપવા જણાવશે.<br>• વિદ્યાર્થીઓ અગાઉના અનુભવ પ્રમાણે clues નો ઉપયોગ કરી વ્યવસાયકારોનો પરિચય આપશે. |
| EN620 પરિચિત ક્ષેત્રમાં ભવિષ્યની ક્રિયાઓનું વર્ણન કરે છે. | • shall/ will | • શિક્ષક કોઈ વ્યક્તિની દૈનિક ક્રિયાના table દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યની ક્રિયાઓ વિશે જણાવશે. વિદ્યાર્થીઓ તેમની આવતીકાલની પ્રવૃત્તિઓ વિશે લખશે અને વર્ગ સમક્ષ રજૂ કરશે તેમજ pair work દ્વારા ભવિષ્યની ક્રિયાઓનું વર્ણન કરશે. |
| EN621 પોતાની અને અન્યની શક્તિઓ અને ક્ષમતાઓ અંગે પ્રશ્નો પૂછી અને તેવા પ્રશ્નોનાં જવાબ આપે છે. | • can નો ક્ષમતાદર્શક ઉપયોગ | • શિક્ષક " I can write a poem but cannot sing it"-જેવા ઉદાહરણના માધ્યમથી તેમજ What can you do? What can't you do? – જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા અને શક્તિ વિશે બોલાવશે. |
| EN622 સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ પરિચ્છેદ અંગ્રેજીમાં વાંચે છે. | • newspaper cuttings, headlines, notice, advertisements, story, picture story | • શિક્ષક વિદ્યાર્થીઓને સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ newspaper cuttings, magazine cuttings, picture, advertisement, notice વગેરે જેવા સ્રોતોના માધ્યમથી પ્રવૃત્તિ કરાવશે અને વિદ્યાર્થીઓ title/ subtitle/ bullet points અલગ તારવીને જે તે માહિતીનું વાંચન કરશે. |
| EN623 પુસ્તકાલયમાંથી વાર્તાઓ, બાળસામયિકો વાંચે છે. | • story reading | • શિક્ષક વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં ઉપલબ્ધ વિવિધ વાર્તાઓ, બાળસામયિકોનો પરિચય કરાવશે.<br>• વાર્તાઓનું વાંચન કેવી રીતે કરવું વગેરે જેવી મહત્વપૂર્ણ બાબતોની સમજ આપશે. વિદ્યાર્થીઓ તે મુજબ વાંચશે. |
| EN624 ટેબલ, ગ્રાફ, નકશા, પરિચ્છેદના આધારે વિગતો તારવી જણાવે છે. | • information transfer | • શિક્ષક વિદ્યાર્થીઓને વિવિધ ફળો,પહેરવેશ,તહેવારો, વપરાતી ચીજવસ્તુઓની યાદી આપશે અને તેનો ઉપયોગ કઈ ઋતુમાં થાય છે. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | તે અંગે જૂથમાં ચર્ચા કરી આપેલ કોષ્ટકમાં વર્ગીકરણ કરાવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં મેળવેલ ગુણનો ગ્રાફ બતાવશે. વિદ્યાર્થીઓ ગ્રાફમાં દર્શાવેલ વિગતોને વાક્ય સ્વરૂપે લખશે. |
| EN625 સમયને અંગ્રેજીમાં કહે છે. | • telling the time | • શિક્ષક વિદ્યાર્થીઓને દીવાલ ઘડિયાળના માધ્યમથી વિવિધ સમયને અંગ્રેજીમાં કેવી રીતે બોલાય તે શીખવશે.<br>• સમયને શબ્દોમાં અને અંકમાં કેવી રીતે લખાય તે સમજાવશે.<br>• વિદ્યાર્થીઓને ઘડિયાળના ચિત્રો આપવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓ સમયદર્શક કાંટા દોરશે તથા તે સમયને અંગ્રેજી શબ્દોમાં દર્શાવશે. |
| EN626 વાક્ય અને પરિચ્છેદમાં યોગ્ય વિરામચિહ્નો મુકે છે. | • punctuation marks | • શિક્ષક વિદ્યાર્થીઓને વિરામચિહ્નોવાળા અને વિરામચિહ્નો વગરનાં વાક્યો બોર્ડ પર દર્શાવી તેમાં રહેલા તફાવત સ્પષ્ટ કરશે. આ ઉપરાંત તેનો અર્થ સમજાવશે અને તે અનુસાર તે વિદ્યાર્થીઓ વિરામચિહ્નો મુકશે અને વાક્ય સુધારશે. |
| EN627 ક્રમસૂચક અંક અંગ્રેજીમાં દર્શાવે છે. | • ordinal numbers<br>• cardinal numbers | • શિક્ષક વિદ્યાર્થીઓને first, second, third.. વગેરે numbers બોલીને ક્રમમાં બેસાડશે અને પ્રશ્નો તથા ખાલી જગ્યાના માધ્યમથી ક્રમ સૂચક અંકનો મહાવરો કરાવશે.<br>• વિદ્યાર્થીઓ બે જૂથમાં વિભાજિત થશે. એક જૂથનો વિદ્યાર્થી અંક બોલશે. બીજા જૂથનો વિદ્યાર્થી તે અંક સંલગ્ન શબ્દ અંગ્રેજીમાં બોલશે. |
| EN628 શબ્દકોશનો ઉપયોગ કરે છે. | • use of dictionary | • શિક્ષક વિદ્યાર્થીઓને શબ્દકોશનો ઉપયોગ કરી 'અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી યોગ્ય શબ્દ બનાવવો, 'ખૂટતા અક્ષરો લખી શબ્દ પૂર્ણ કરો', ' અંગ્રેજી મૂળાક્ષરોનાં ક્રમમાં શબ્દો ગોઠવો', ' ચિત્ર સાથે સંલગ્ન શબ્દ વડે જોડકા જોડો', 'સરખા ઉચ્ચારવાળા શબ્દો તારવે, શબ્દનો અર્થ લખે - જેવી પ્રવૃત્તિઓ કરાવશે.<br>• વિદ્યાર્થીઓ શબ્દકોશનો ઉપયોગ કરી આ પ્રવૃત્તિ કરશે. |
| EN629 વસ્તુઓ, પ્રાણીઓ, પક્ષીઓ, અને વ્યક્તિઓ વિષે રંગ,કદ અને સંખ્યા દર્શાવતા વિશેષણોનો ઉપયોગ કરે છે. | • like / dislike<br>• વિવિધ રંગ, કદ, સંખ્યા સંલગ્ન charts | • શિક્ષક વર્ગખંડમાં વિવિધ વસ્તુઓ લાવી તેના રંગ, કદ, આકાર, સંખ્યા વગેરે વિશે વિદ્યાર્થીઓને સમજ આપશે અને સાથે સાથે |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | inversion questions ની મદદથી વિદ્યાર્થીઓની સમજ ચકાસશે.<br>• વિદ્યાર્થીઓને રંગ, કદ, આકાર, સંખ્યાની ચીજવસ્તુઓ એકત્રિત કરી તેના વિશે બોલવાનું કહેવામાં આવશે. |
| EN630 ચિત્ર કે વસ્તુઓનું ત્રણ કે પાંચ વાકયોમાં વર્ણન કરે છે. | • picture description | • શિક્ષક વિદ્યાર્થીઓને There is / There are નાં માધ્યમથી ચિત્રનું વર્ણન કરી બતાવશે અને પૂરતો મહાવરો આપશે અને ત્યારબાદ વિદ્યાર્થીઓ There is/ There are નો ઉપયોગ કરી વાક્યો બનાવશે. |
| EN631 નામને અનુરૂપ ક્રિયા સૂચક શબ્દોનો ઉપયોગ કરી કાવ્ય (rhymes)ને આગળ વધારે છે. | • rhyme extension<br>• rhyme completion | • શિક્ષક ક્રિયાસૂચક શબ્દો આવતા હોય તેવી rhyme રજૂ કરશે.બાળકો ચિત્ર, ક્રિયા અને શબ્દોના આધાર પર રજૂ થયેલ અપૂર્ણ rhyme આગળ વધારશે. |
| EN632 પ્રસંગને અનુરૂપ તેનો અંત રજૂ કરે છે. | • Story completion | • શિક્ષક વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં આવતા Mafatlal's Egg વિશે કહેશે.<br>• ત્યારબાદ આ જ પ્રકારની એક કાલ્પનિક ઘટના કે પ્રસંગને પ્રશ્નોના માધ્યમથી વિદ્યાર્થીઓના માધ્યમથી આગળ વધારશે અને પ્રસંગને અનુરૂપ અંત તરફ લઇ જશે. |

DRAFT